# માલપુરના અણિયોર ગામમાં ચોકલેટ વિતરણની અંધશ્રદ્ધાએ બુધ્ધિજીવીઓને વિચારતા કરી દીધા

મોડાસા, તા. ૧૯

ભારત દેશનો વિકાસ થયો હોવા છતાં સમગ્ર દેશને અંધશ્રદ્ધાએ ભરડામાં લઈલીધો છે. એમાંય ગતિશીલ ગુજરાતમાં અંધશ્રદ્ધાએ જોર પકડ્યું છે. ગુજરાતી લોકો કોઈ પણ સામાન્ય ઘટનાને અંધશ્રદ્ધા સાથે જોડી દેવામાં માહેર છે. ત્યારે અરવલ્લી જિલ્લાના અણિયોર પંથક સહિત કેટલાક વિસ્તારોમાં છેલ્લા કેટલાય દિવસોથી મહિલાઓમાં એકબીજાને ચોકલેટ વહેંચવાની માન્યતાએ આધુનિક યુગમાં માનવીને નવિનતા સાથે રમૂજ જગાવી ચકચાર મચાવી છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

અણિયોર ગામના લોકોના જણાવ્યા અનુસાર જે મહિલાને એક પુત્ર હોય તેના દીર્ઘાયુની કામના કરીને બીજી મહિલાને ચોકલેટ આપે છે. આ પછી ચોકલેટ ગ્રહણ કરનાર મહિલા બીજી ૧૧ મહિલાઓને આવી જ અંધશ્રદ્ધા કે મનોકામના સાથે ચોકલેટનું વિતરણ કરવા સલાહ આપે છે. આવી અંધશ્રદ્ધાના કારણે મહિલાઓ અણિયોર અને આજુબાજુના ગામડાઓમાં ચોકલેટની પુરબહારમાં ખરીદી કરી વિતરણ કરવાનો સિલસિલો શરૂ થઈ ગયો છે. અનેઆ ગતકડામાં શિક્ષિત મહિલાઓ પણ જોડાતા આવી અંદશ્રદ્ધાને પૂરબહાર આવેગ મળી રહ્યો છે. જેના કારણે ગામડાઓના દુકાનદારોને ચોકલેટના વેપારમાં તડાકો બોલાઈ ગયો છે. ગામડાઓમાંથી ચોકલેટ પણ ગાયબ થઈ ગઈ હોય તેટલી અંધશ્રદ્ધાવાળી બહેનો ચોકલેટ ખરીદી એકબીજાને આપી રહી છે. થોડા સમય પહેલા પણ અરવલ્લી જિલ્લામાં નણંદ ભોજાઈને સાડી પહેરાવે, એક પત્રિકા મળતાં ૧૦૦ પત્રિકાઓ છપાવવી જેવી અનેક અંશ્રદ્ધાઓએ જોર પકડ્યું હતું. ત્યારે બુદ્ધીજીવી લોકોના જણાવ્યા મુજબ ચોકલેટ વેચવાનુ ગતકડુ કોઈ વેપારીની ભેજાની પેદાશ માનવામાં આવી રહી છે.

# ભિલોડાના વણઝરમાં દલિત સમાજના સ્મશાનમાં તોડફોડ

## ૮ વિરુદ્ધ એટ્રોસીટી લગાવાઈ : અસામાજિક તત્ત્વોની દાદાગીરી

(સમીર બલોચ ધ્વારા)

મોડાસા, તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભીલોડા અનુસાર અરવલ્લી જીલ્લાના ભિલાડા તાલુકાના વણઝર ગામ ખાતે સને ૨૦૦૯ની સાલમાં દલિત પટેલ સ્મશાન બનાવેલુ છે ત્યાં જેસીબીનો અવાજ આવતાં ખેતરમાં જવા નીકળેલ વ્યક્તિઓ ત્યાં દોડી ગયા પટેલ લવજીભાઈ વિનુભાઈ ત્યાં ઉભેલા હતા. જેથી આ વણકર સમાજના લોકો ધ્વારા પુછવામાં આવ્યુ નંબર પણ જોયેલ નથી તેમ વણકર સમાજના લોકોએ જણાવ્યુ હતુ. જયારે આ લોકો ધ્વારા આ સ્મશાનનો



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

તાલુકાના વણઝર ગામ ખાતે ગઈકાલે વણઝર ગામે દલિતો ધ્વારા બનાવવામાં આવેલ સ્મશાનને તોડી પાડવાના વિવાદને લઈને દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. જેને લઈને આજ ગામમાં રહેતા આઠ જેટલા પટેલ કોમના વ્યકતિઓ સામે દલિત સમાજની કોમનુ અપમાન કરીને અપશબ્દો બોલવાની બાબતને લઈને આઠ વ્યકતિઓ વિરૂધ્ધ એટ્રોસીટીની ફરીયાદ કરાતાં ખળભળાટ મચી ગયો હતો.

આ અંગે પ્રાપ્ત માહિતી અને રાજપુત સમાજના સ્મશાન માટે પંચાયત ધ્વારા જગ્યા ફાળવી આપવામાં આવી હતી. જયારે લોકમુખે થતી ચર્ચા પ્રમાણે હજુ આ જગ્યા સરકારી ચોપડે નોધાઈ નથી ત્યારે આ જગ્યા પર દલિત સમાજ ધ્વારા ફાળો એકત્રીત કરી અને પાકુ સ્મશાન ગૃહ બનાવવામાં આવ્યુ હતુ. ત્યારે ગઈકાલે રાત્રે આજ ગામના રહેવાસી વિનુભાઈ, કમલેશભાઈ, ગણપતભાઈ તેમજ રાકેશભાઈ પોતપોતાના ખેતરમાં જવા નીકળ્યા હતા ત્યારે તે સમયે જે જગ્યાએ હતા અને ત્યાં જઈને જોયુ તો જેસીબી ધ્વારા દલિત સમાજ ધ્વારા બનાવવામાં આવેલુ સ્મશાન તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવતી હતી. ત્યારે ફરીયાદીના જણાવ્યા અનુસાર આજ ગામના રહેવાસી (૧) પટેલ મનુભાઈ લવજીભાઈ (૨) ગૌતમભાઈ મોતીભાઈ પટેલ (૩) પટેલ પનાભાઈ લખાભાઈ (૪) પટેલ પ્રભાભાઈ ધુળાભાઈ (૫) પટેલ અરવિંદભાઈ કોદરભાઈ (૬) પટેલ અરવિંદભાઈ જીવણભાઈ (૭) પટેલ પ્રફુલભાઈ બળદેવભાઈ તેમજ (૮) કે અમારૂ સ્મશાન કેમ તોડી રહયા છો ત્યારે આ લોકોએ વણકર સમાજના લોકોને કહયુ કે સ્મશાન તો તોડી નાખીશુ પણ તમને લોકોને પણ જાનથી મારી નાખીશુ, તેવી ધકમી આપી અને જાતિ વિરૂધ્ધ અપશબ્દો બોલીને મનુભાઈના હાથમાં રહેલુ ધારીયુ તેમજ અરવિંદભાઈના હાથમાં રહેલી કુહાડી લઈને અમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તે સમયે વાતાવરણ ગરમાતા જેસીબી વાળો ત્યાંથી જેસીબી લઈને ફરાર થઈ ગયો હતો અને અમોએ જેસીબીનો પાયો અમે દલિત કોમના લોકો ધ્વારા કરવાનુ હોવાથી અછુતપણુ રાખતા હોવાને કારણે આ કૃત્ય કરેલ છે. જેથી ઉપરોકત તમામ ઈસમો વિરૂધ્ધ ખેમાભાઈ વણકર ધ્વારા શામળાજી પોલીસ સ્ટેશન ખાતે વણઝાર ગામના આઠ જેટલા પટેલ સમાજના વ્યકતિઓ વિરૂધ્ધ એટ્રોસીટીની કલમ લગાવવા ફરીયાદ કરવામાં આવી હતી. જે અંગે શામળાજી પી. એસ. આઈ. એ. કે. વાળાએ ફરીયાદ લઈ આગળની તપાસ એસ. સી. એસ. ટી. સેલના ડી. વાય. એસ. પી.ને સોપવામાં આવી હતી.

# જનરલ પાર્લરની આડમાં દારૂનો ધંધો ઝડપાયો

દાંતીવાડા તા.૧૯

દાંતીવાડાના નાંદોત્રા ગામની જોડે કેનાલની અડીને આવેલ જયવીર ઠંડાનું પાર્લર ચાલવાની આડમાં થતો હતો દારૂનો ધંધો બાતમીના આધારે દાંતીવાડા પોલીસે દારૂના સ્ટોક સાથે એક શખ્સની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રમાંથી મળતી માહિતીએ ગત રોજ સાંજે પાંચ વાગ્યાના સમયે દાંતીવાડા પીએસઆઈ એ.ડી.પરમારે સ્ટાફના એએસઆઈ લક્ષ્મણભાઈ, કોન્સ્ટેબલ રામજીભાઈ, કોન્સ્ટેબલ પ્રકાશભાઈ, કોન્સ્ટેબલ અરવિંદભાઈ જેઓને સાથે રાખી બાતમીના આધારે નાંદોત્રા ઠાકોરવાસનો એક શખ્સ ઠંડાના પાર્લરની આડમાં વિદેશી દારૂનો ધંધો કરતો હોઈ રેડ કરતા પાર્લરમાંથી વિદેશી દારૂની કુલ પર બોટલ ૬૪૦૦/- રૂપિયાના ભાવની મળી આવતા શખ્સને કાયદેસરની કાર્યવાહી સાથે જેલના હવાલે કરાયો છે, જે વાતના પગલે તાલુકાના અન્ય દારૂના બુટલેગરોમાં ભયનો માહોલ સર્જાઈ ચુકયો છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

લોંગ ટર્મ વિઝા અને સીટીઝનશીપ મેળવવા માગતી વ્યકિતઓને પડતી મુશ્કેલીઓ નિવારવા તથા આ -ક્રિયાને અસરકારક રીતે ઝડપી બનાવવા માટે ભારત સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા રાજયોમાં જિલ્લા કક્ષાએ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જે અનુસાર બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે કલેકટરશ્રીની ઓફીસમાં તા. ૧૯ થી ૨૦ જાન્યુઆરી સુધી એમ બે દિવસીય કેમ્પ યોજવામાં આવ્યો છે. સાત વર્ષ કે તેથી વધુ સમયથી લોંગ ટર્મ વિઝા ઉપર ભારતમાં રહેતા હોય તેવા વ્યકિતઓને આ લાભ મળવાપાત્ર છે. બનાસકાંઠા જિલ્લામાં લોંગ ટર્મ વિઝા ઉપર રહેતા ૫૪ વ્યકિતઓની દરખાસ્તો ચાલે છે. આ ઉપરાંત લોંગ ટર્મ વિઝા એકસટેન્શન માટે પણ અરજી કરી શકાશે. આ તમામ વ્યકિતઓને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બે દિવસ અગાઉથી નિયત ફોર્મ આપવામાં આવ્યા છે. તથા ફોર્મ સાથે રજુ કરવાના દસ્તાવેજોની વિગત પણ જણાવવામાં આવી છે. સુવિધા માટે કેમ્પના સ્થળે સ્ટેમ્પ પેપર્સ અને નોટરીની પણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. આ -સંગે ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના ડેપ્યુટી સેક્રેટરીશ્રી મહેન્દ્રકુમાર, સેકશન ઓફીસરશ્રી મિના, બનાસકાંઠા કલેકટર કમ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દિલીપ રાણા, અધિક નિવાસી કલેકટરશ્રી એસ.કે.રાઠોડ, ડેપ્યુટી કલેકટરશ્રી આર.આઈ.શેખ, ડી.વાય.એસ.પી. શ્રી નિનામા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જીલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ ભિલોડામાં યોજાશે

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ ભિલોડામાં યોજાશે. ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં તા.૨૬/૧/૨૦૧૫ ના રોજ અરવલ્લી જીલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ ધામધુમથી ઉજવાશે.વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા તાડામાર તૈયારીઓનો દોર આરંભાયો છે. આ પ્રસંગે રાજ્યના સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકીના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ધામધુમથી યોજાશે.

# ગઢકંપા ગામે ત્રણ સંતાનોને મોતને ઘાટ ઉતારી જનેતાએ ગળે ફાંસો ખાધો

## પતિની બેવફાઈના કારણે માતાએ કંટાળીને મોતને વ્હાલુ કર્યુ હોવાની ચર્ચા : થોડાક સમય અગાઉ મહિલાનો પતિ બીજી સ્ત્રીને લઈને ભાગી જતાં આ પગલુ લીધું હોવાનું અનુમાન

(સમીર બલોચ ધ્વારા)

મોડાસા, તા.૧૯

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકા ખાતે આવેલ ગઢકંપા ખાતે આજે એક આદિવાસી મહિલા ધ્વારા પોતાના ત્રણ માસુમ બાળકોને મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે પણ ગળે ટુપો ખાઈ મોતને વ્હાલુ કરતાં સમગ્ર અરવલ્લી જીલ્લામાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

બાયડ તાલુકાના ગઢકંપા ગામે રાજેન્દ્રભાઈ મગનભાઈને ત્યાં જુન ૨૦૧૪ના રોજ અખાત્રીના દિવસે ગોધરા જિલલાના રહેવાસી અરવિંદભાઈ અને તેમની પત્નીને પોતાના ખેતરમાં ખેતી કરવા માટે મજુરીથી રાખેલ હતો. જયારે અરવિંદભાઈ અને તેમની પત્ની મુન્નાબેન પોતાના ત્રણ માસુમ બાળકો સાથે રહેતા હતા. બન્નેના લગ્નજીવન આશરે ૧૧ વર્ષ જેટલો સમયગાળો થયો હતો. આ સમય દરમિયાન મુન્નાબહેનની કુખે ત્રણ દિકરીઓ અને એક દિકરાનો જન્મ થયો હતો. ત્યારે આ સુખી દાંપ્તય જીવનને કોઈની નજર લાગી ગઈ હોય તેમ બે મહિના અગાઉ મૂન્નાબેનનો પતિ અરવિંદભાઈ તેમના સમાજની બીજી કોઈ સ્ત્રીના પ્રેમમાં પડી જઈ સ્ત્રીને લઈને ભાગી જતાં મુન્નાબેન પર આભ ફાટી પડયુ હતુ અને પતિ ધ્વારા આ રીતે બેવફાઈ કરવાને લઈને મુન્નાબહેન ભાંગી પડયા હતા. ત્યારે મુન્નાબહેનને મનમાં લાગી આવતા પોતાના સંતાનોનુ આજે ઉંઘમાં ને ઉંઘમાં ગળુ દબાવી મોતને ઘાટ ઉતારી દિધા હતા. ત્યારબાદ તેણે જાતે પણ ઘરમાં આવેલ બીમ વડે દોરી લબડાવી ફાસો ખાઈ આત્મહત્યા કરી પોતાનુ જીવન ટુંકાવી દીધુ હતુ. જે અંગેની જાણ આજે વહેલી સવારે ગામના લોકોને ખબર પડતાં ગ્રામજનો ધ્વારા તુરંત જ બાયડ પીએસઆઈ વીરલભાઈ પટેલને જાણ કરવામાં આવી હતી. ત્યારે પોલીસે ઘટના સ્થળ પર પહોચી લાશને ઉપરથી ઉતારવાની કાર્યવાહી હાથ ધરી હતી અને પંચનામુ કર્યા બાદ એફ. એસ. એલ.ની ટીમ ધ્વારા પણ ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ આ ચારેયની લાશને પી.એમ. માટે બાયડ ખાતેના સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપવામાં આવી હતી. મરણ જનારમાં દીકરો કરશનભાઈ (ઉમર વર્ષ ૬), દીકરી શકુનાબેન (ઉમર વર્ષ ૪) અને દીકરી લાશીબેન (ઉમર વર્ષ ૩) તેમજ મુન્નાબેન (ઉમર વર્ષ ૩૫)ની નોધ બાયડ પોલીસને ચોપડે કરવામાં આવી હતી.


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડામાં પોલીસ ધ્વારા માર્ગ સલામતી અને ટ્રાફીક સુરક્ષા સપ્તાહની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે ભિલોડા એન. આર. એ. વિદ્યાલયના વિદ્યાર્થીઓ ધ્વારા માર્ગ સુરક્ષા અને ટ્રાફીક સપ્તાહની ઉજવણી નિમિત્તે એક રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એચ. પી. ઝાલાની રાહબરી હેઠળ ભિલોડા ટ્રાફીક પોલીસ કોન્સ્ટેબલ રમણભાઈ અસારી, ટી.આર.બી. સ્ટાફ અને પોલીસ પરીવાર ધ્વારા વાહનચાલકોની જીદંગીની સલામતી માટે હેલ્મેટ પહેરવાની, સીટ બેલ્ટ બાંધવાની,વાહનો ધીમે ચલાવવાની શીખ ભિલોડા પોલીસ ધ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે ભિલોડા એન.આર.એ. વિદ્યાલયના શિક્ષક મુકેશભાઈ ત્રિવેદી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરા તાલુકાના આલવાડા ગામના બાજુભાઈ ચૌહાણ પીએચ.ડી. થયાં



ધાનેરા તાલુકાના આલવાડા ગામના વતની શ્રી બાજુભાઈ છગનભાઈ ચૌહાણ હિન્દી વિષયમાં ગુજરાત ઔર રાજસ્થાન કે સીમાવર્તી અંચલ પર કબીર પરંપરા કા વિશેષ -ભાવ વિષયમાં પીએચ.ડી.ની ડીગ્રી -ાપ્ત કરીને સમગ્ર ધાનેરા તાલુકાનું ગૌરવ વધાર્યું છે. તેમણે ડાૅ. સુશીલ ધર્માણીના માર્ગદર્શન હેઠળ ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજથી પીએચ.ડી.ની ડીગ્રી -ાપ્ત કરી છે.

# હિરાખાડી કંપાના જલારામ સેવા ધામમાં મફત નિદાન કેમ્પ યોજાયો

વડાગામ, તા.૧૯

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલા જલારામ બાપાના મંદિર જલારામ સેવા ધામ હિરાખાડી કંપામાં ઘૂંટણના સાંધાના દુખાવા અને હાડકાંને લગતા તમામ રોગોની સારવાર માટે મફત સારવાર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામ નજીક હિરાખાડી કંપાના જલારામ સેવા ધામમાં વડીલોને ધ્યાનમાં રાખી ઉમર થતાં હાડકાની તકલીફોમાં વધારો થતો જોવા મળે છે અને યોગ્ય સારવારના અભાવે ચાલવામાં તકલીફ ઉભી થાય છે અને કેટલાક વૃધ્ધો તો નિસહાય બની જાય છે. આમ વૃધ્ધોને અને વડીલોને પડતી મેવાડ હોસ્પિટલના ડૉ. વિનોદ ચાહરના જણાવ્યા અનુસાર આધુનિક જમાનામાં યોગ્ય સારવાર ઉપલબ્ધ હોવા છતાં આ સારવાર ખર્ચાળ હોવાથી લોકો આ આધુનિક સારવાર મેળવી શકતા નથી અને જેને કારણે વડીલોને નિસહાય હાલતમાં જીવવું પડે છે. પરંતુ મેવાડ હોસ્પિટલ દ્વારા ઘૂંટણના સાંધાનું પ્રત્યારોપણ, થાપાના સાંધાના પ્રત્યારોપણ, કમર અને મણકાને લગતી તકલીફો વગેરે આધુનિક સારવાર સૌથી ઓછા ખર્ચે કરવા માટે કટિબધ્ધ છે. જે ઘૂંટણ અને થાપાની સારવાર માટે લોકોએ અમદાવાદ જેવા મોટા શહેરમાં ખર્ચાળ સારવાર કરાવવી પડતી હતી એ જ સારવાર નજીવા ખર્ચે મોડા શહેરની મેવાડ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. તકલીફને ધ્યાનમાં રાખી મોડાસાની મેવાડ હોસ્પિટલના સહયોગથી નિદાન કેમ્પનું આયોજન થયું હતું. આ મફત નિદાન કેમ્પમાં વડાગામ અને આજુબાજુના ૧૫૦થી પણ ઘૂંટણ અને હાડકાને લગતી તકલીફોવાળા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦